સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC
## CURRENT AFFAIRS

YouTube
ICE RAJKOT




ICE RAJKOT
SUBSCRIBE

આપની તૈયારીને સર્વશ્રેષ્ઠ બનાવવા અમે લાવ્યા છીએ :
ICE CURRENT NEWS

કરંટ અફેર્સની તૈયારી હવે વધુ સરળ અને ઝડપી બનાવવા આજે જ સબસ્ક્રાઈબ કરો અમારી YouTube ચેનલ
ICE RAJKOT

SUBSCRIBE NOW

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

[MAY - 2019]
[05/05 to 11/05]
WEEK-19

**CURRENT TOPIC**

- ચક્રવાત 'ફની'ના આતંકથી ઓડિશામાં 14 લોકોના મોત
- સ્કોર્પિયન ક્લાસની ચોથી સબમરીન INS વેલા લોન્ચ
- ભારતમાં આધુનિક કાનૂની શિક્ષણના જનક ડૉ. એન. આર. માધવ મેનનનું નિધન
- એનિમલ એક્સચેન્જ પ્રોગ્રામ અંતર્ગત ગુજરાતના સિંહ મુંબઈ અને પંજાબ મોકલવા મંજૂરી
- Arctic Councilના Observer તરીકે ભારતની ફરીથી પસંદગી કરવામાં આવી
- 'હની મિશન' અંતર્ગત 1 લાખથી વધુ મધમાખી બોક્સનું વિતરણ

t.me/icerajkotofficial | icerajkot | icerajkot | icerajkot

SADGURU COMPLEX, 2nd FLOOR, NR. AKSHAR MANDIR, KALAWAD ROAD, RAJKOT-360001.
CALL : 9375701110 / 9328001110

**5 MAY, 2019 SUNDAY**

## ➢ ચક્રવાત 'ફની'





'ફની'એ ઉત્તર હિંદ મહાસાગરનું વર્ષ 2019નું અત્યાર સુધીનું સૌથી તેજ ઉષ્ણકટિબંધિય ચક્રવાત હતું.

- 26 એપ્રિલ, 2019ના રોજ સુમાત્રા પાસે હિંદ મહાસાગરમાં તેનો ઉદ્ભવ થયો હતો.
- આ ચક્રવાતથી ભારતમાં સૌથી વધુ નુકશાન ઓડિશામાં થયું હતું. ઓડિશામાં 1999માં ત્રાટકેલા 'સુપર સાયક્લોન' બાદ 'ફની' ઓડિશાનું સૌથી ખતરનાક ચક્રવાત હતું.
- આ ચક્રવાતને કારણે ફૂંકાયેલા તોફાની પવન અને ભારે વરસાદને કારણે ઓડિશામાં કરોડોની સંપત્તિનું નુકશાન થયું હતું અને આશરે 14 લોકોનાં મોત થયા હતા.
- જોકે, ફનીથી તબાહી રોકવા માટે સરકાર દ્વારા કરવામાં આવેલા યોગ્ય આયોજન અને તકેદારીનાં આકરા પગલાંને કારણે જાન-માલનું મોટું નુકશાન ટાળી શકાયું હતું. સરકારના આ ડિઝાસ્ટર મેનેજમેન્ટની યુએન દ્વારા પણ પ્રશંસા કરવામાં આવી હતી.
- ઓડિશા બાદ ભારતમાં પશ્ચિમ બંગાળમાં પણ આ ચક્રવાતને કારણે ભારે વરસાદ થયો હતો. પરંતુ ત્યાં ઓછું નુકશાન થયું હતું.
- અંતે નબળું પડેલું આ ચક્રવાત બાંગ્લાદેશ પર ત્રાટક્યું હતું. જ્યાં આ ચક્રવાતને કારણે આશરે 14 લોકોના મોત થયા હતા.
- ફની, ફણી, ફેની કે ફાની તરીકે ઓળખાતા આ ચક્રવાતનું નામ બાંગ્લાદેશ દ્વારા આપવામાં આવ્યું હતું. જેનો અર્થ 'સાપ' અથવા તો 'ફેણ' થાય છે.

**નોંધ :** (1) આફતગ્રસ્ત ઓડિશાની મુલાકાત દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઓડિશાને વધારાની રૂ. 1000 કરોડની સહાય કરવાની જાહેરાત કરી હતી.

(2) 1999માં ઓડિશામાં ત્રાટકેલા 'સુપર સાયક્લોન' નામના ચક્રવાતને કારણે આશરે 10,000 લોકોના મોત થયા હતા.




ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ચક્રવાતનું નામકરણ કઈ રીતે થાય છે ?

ચક્રવાતની ભવિષ્યવાણી, ચેતવણી અને પૂર્વાનુમાનમાં વિવિધ સરકારી એજન્સી અને સામાન્ય લોકો વચ્ચે કોમ્યુનિકેશનમાં સરળતા રહે એ માટે ચક્રવાતનું નામકરણ કરવામાં આવે છે.

- ઉષ્ણકટિબંધિય અને ઉપોષ્ણકટિબંધિય ચક્રવાતોને આ માટે વિવિધ ચેતવણી કેન્દ્રો દ્વારા નામ આપવામાં આવે છે.
- આ નામ આપવા માટે અગાઉથી જ એક લિસ્ટ બનાવવામાં આવ્યું હોય છે અને આ લિસ્ટ પ્રમાણે જે તે ચક્રવાતને ક્રમશ: નામ આપવામાં આવે છે.

## ઉત્તર હિંદ મહાસાગરમાં ચક્રવાતના નામ

45$^0$ પૂ. થી 100$^0$ પૂ. વચ્ચેના ઉત્તર હિંદ મહાસાગરના ઉષ્ણકટિબંધિય ચક્રવાતના નામ ભારત મૌસમ વિભાગ/India Meteorological Department (IMD/RMSC, નવી દિલ્હી) દ્વારા આપવામાં આવે છે.

- આ માટે બાંગ્લાદેશ, ભારત, માલદિવ, મ્યાનમાર, ઓમાન, પાકિસ્તાન, શ્રીલંકા અને થાઈલેન્ડ એમ કુલ 8 દેશો દ્વારા સૂચિત 64 નામોનું એક લિસ્ટ બનાવવામાં આવ્યું છે.
- આ લિસ્ટમાંથી ઉત્તરહિંદ મહાસાગરમાં ઉદ્ભવતા ચક્રવાતને ક્રમશ: નામ આપવામાં આવે છે.
- તાજેતરમાં ઉદ્ભવેલ ચક્રવાત 'ફની'નું નામ બાંગ્લાદેશ દ્વારા સૂચિત કરવામાં આવ્યું હતું.
- 'ફની' બાદ હવે ઉદ્ભવ થનાર ચક્રવાતને ભારત દ્વારા સૂચિત 'વાયુ' નામ આપવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### List of Northern Indian Ocean tropical cyclone names

| | Contributing nation | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| List | Bangladesh | India | Maldives | Myanmar | Oman | Pakistan | Sri Lanka | Thailand |
| 1 | Onil | Agni | Hibaru | Pyarr | Baaz | Fanoos | Mala | Mukda |
| 2 | Ogni | Akash | Gonu | Yemyin | Sidr | Nargis | Rashmi | Khai-Muk |
| 3 | Nisha | Bijli | Aila | Phyan | Ward | Laila | Bandu | Phet |
| 4 | Giri | Jal | Keila | Thane | Murjan | Nilam | Viyaru | Phailin |
| 5 | Helen | Lehar | Madi | Nanauk | Hudhud | Nilofar | Ashobaa | Komen |
| 6 | Chapala | Megh | Roanu | Kyant | Nada | Vardah | Maarutha | Mora |
| 7 | Ockhi | Sagar | Mekunu | Daye | Luban | Titli | Gaja | Phethai |
| 8 | Fani | Vayu | Hikaa | Kyarr | Maha | Bulbul | Pawan | Amphan |

**નોંધ :** ભારતમાં નવી દિલ્હી ખાતે હેડક્વાર્ટર ધરાવતો ભારત મૌસમ વિભાગ (Indian Meteorological Department-IMD)એ ભારતમાં હવામાનનું અવલોકન, હવામાનની આગાહી તથા ભૂકંપ વિજ્ઞાન માટે જવાબદાર મુખ્ય એજન્સી છે.

## ➤ વડોદરા કોર્ટમાં ગુજરાતના સર્વપ્રથમ 'સંવેદનશીલ સાક્ષી જુબાની કેન્દ્ર'નો પ્રારંભ



કોઈ બાળક બચાવપક્ષના દબાણ કે પ્રભાવ હેઠળ આવ્યા વિના જુબાની આપી શકે તે માટે વડોદરા જિલ્લા કોર્ટમાં ગુજરાતનું સર્વપ્રથમ **'સંવેદનશીલ સાક્ષી જુબાની કેન્દ્ર'** સ્થાપવામાં આવ્યું છે.

- જાતીય ગુનાઓ સહિતના ગંભીર ગુનાઓનાં કેટલાંક કિસ્સાઓમાં પીડિત કે સાક્ષી વ્યક્તિ બાળક હોય છે.
- આથી ભોગ બનનાર બાળક કે સાક્ષી બાળકોને કોર્ટનો પરંપરાગત અનુભવ ન થાય તે માટે રમકડા, ટેલિવિઝન, ખાણીપીણી સહિતના ખાસ રૂમમાં બેસાડીને તેમની સાથે મનમેળ સાધીને તેમની જુબાની લેવામાં આવશે.
- ગુજરાત હાઈકોર્ટના કાર્યકારી ચીફ જસ્ટિસ **શ્રી અનંત દવે**ના માર્ગદર્શન હેઠળ ગુજરાતના આ પ્રથમ 'સંવેદનશીલ સાક્ષી જુબાની કેન્દ્ર'ની સ્થાપના કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

આર્થિક સમૃદ્ધિ, સામાજિક પ્રતિષ્ઠા
સલામત નોકરીની સંયુક્ત કારકિર્દી
એટલે જ ગુજરાત સરકાર

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS
CALL: 9375701110 / 9328001110

ગુજરાત સરકારની વર્ગ-3ની તમામ ભરતીઓ માટે

ફ્રી DEMO LECTURE

આપની સફળતાને નિશ્ચિત કરતી
સ્પેશિયલ બેચ
સવારે/બપોરે/સાંજે

2012 - 18
1237+
સફળ ઉમેદવાર

10 Mega Test Paper

32+ Weekly Test
MEGA TEST SERIES ON OMR SHEET

➤ સ્પર્ધાત્મક પરીક્ષાના દરેક વિષયોનો ઊંડાણપૂર્વકનો પાયાની સમજથી અભ્યાસ.
➤ સ્પર્ધાત્મક પરીક્ષાની નિષ્ણાતો દ્વારા અભ્યાસ
➤ પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી
➤ સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ
➤ શરૂઆતથી છેક પરીક્ષાખંડ સુધીનો આયોજનબદ્ધ રોડ મેપ
➤ ગુજરાતી, ENGLISH, ગણિત અને સામાન્ય જ્ઞાનના 15 થી વધુ વિષયોની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા
➤ ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી એડવાન્સ લેવલ મટીરિયલ્સ

## ➤ SIPRI Fact Sheet 2019

તાજેતરમાં SIPRI એટલે કે Stockholm International Peace Research Institute દ્વારા એક રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- આ રિપોર્ટમાં વિશ્વના વિવિધ દેશોનો વર્ષ 2018નો મિલિટરી ખર્ચનો ટ્રેન્ડ રજૂ કરવામાં આવ્યો છે.
- આ રિપોર્ટ અનુસાર વર્ષ 2018માં સૌથી વધુ મિલિટરી ખર્ચ કરવાની બાબતમાં વિશ્વના ટોપ 40 દેશોમાં ભારત ચોથા ક્રમે છે.
- જ્યારે આ અગાઉ વર્ષ 2017માં ભારત પાંચમા ક્રમે હતું.
- આ રિપોર્ટ અનુસાર વર્ષ 2018માં સૌથી વધુ મિલિટરી ખર્ચની બાબતમાં સમગ્ર વિશ્વમાં અમેરિકા પ્રથમ ક્રમે છે.
- જ્યારે અમેરિકા બાદ ચીન બીજા અને સાઉદી અરેબિયા ત્રીજા ક્રમે છે.

**Highest Military Expenditure in 2018**

| ક્રમ | દેશ | ખર્ચ 2018 (બિલિયન ડોલરમાં) | જે તે દેશના GDPમાં હિસ્સો (ટકામાં) | વિશ્વના કુલ ખર્ચમાં હિસ્સો (ટકામાં) |
|---|---|---|---|---|
| 1 | અમેરિકા | 649 | 3.2 | 36 |
| 2 | ચીન | 250 | 1.9 | 14 |
| 3 | સાઉદી અરેબિયા | 67.6 | 8.8 | 3.7 |
| 4 | ભારત | 66.5 | 2.4 | 3.7 |
| 5 | ફ્રાન્સ | 63.8 | 2.3 | 3.5 |
| 20 | પાકિસ્તાન | 11.4 | 4.0 | 0.6 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- વિશ્વના કુલ મિલિટરી ખર્ચમાં ઉપરોક્ત પ્રથમ પાંચ દેશોનો હિસ્સો 60 ટકા છે.
- સિપ્રિના આ રિપોર્ટ અનુસાર વિશ્વના કુલ મિલિટરી ખર્ચમાં વર્ષ 2018માં ભારતનો હિસ્સો 3.7 ટકા હતો.
- વર્ષ 2017ની તુલનાએ વર્ષ 2018માં ભારતના મિલિટરી ખર્ચમાં 3.1 ટકાનો વધારો થયો છે.

### ICE ? Questions

1. તાજેતરમાં ભારતમાં આવેલા 'ફની' (અથવા તો 'ફેની' કે 'ફાની') ચક્રવાતને કારણે ભારતના કયા રાજ્યમાં સૌથી વધુ નુકશાન થયું છે ?
   (A) પશ્ચિમ બંગાળ (B) આંધ્રપ્રદેશ (C) ઓડિશા (D) તમિલનાડુ — **(C)**

2. તાજેતરમાં ભારતમાં આવેલું 'ફની' ચક્રવાત કયા પ્રકારનું ચક્રવાત હતું ?
   (A) ઉષ્ણકટિબંધિય (B) ઉપોષ્ણ કટિબંધિય
   (C) સમશિતોષ્ણ કટિબંધિય (D) ત્રણમાંથી કોઈ નહિ — **(A)**

3. તાજેતરમાં આવેલ 'ફની' ચક્રવાતનો ઉદ્દભવ કયાં થયો હતો ?
   (A) શ્રીલંકા પાસે, હિંદ મહાસાગરમાં (B) સુમાત્રા પાસે, હિંદ મહાસાગરમાં
   (C) ઈન્ડોનેશિયા પાસે, હિંદ મહાસાગરમાં (D) ફિલિપાઈન્સ પાસે, હિંદ મહાસાગરમાં — **(B)**

4. તાજેતરમાં ઓડિશામાં ત્રાટકેલા કયા ચક્રવાતને કારણે 14 લોકોના મોત થયા હતા ?
(A) ઓખી (B) ગિરિ (C) મેઘા (D) ફની **(D)**

5. તાજેતરમાં ઓડિશા પર ત્રાટકેલા 'ફની' ચક્રવાત માટેનું 'ફની' નામ કયા દેશ દ્વારા સૂચિત કરવામાં આવ્યું હતું ?
(A) ભારત (B) પાકિસ્તાન (C) શ્રીલંકા (D) બાંગ્લાદેશ **(D)**

6. ભારતમાં હવામાનનું અવલોકન, હવામાનની આગાહી તથા ભૂકંપવિજ્ઞાન માટે જવાબદાર મુખ્ય એજન્સીનું નામ શું છે ?
(A) ભારત મૌસમ વિભાગ (B) ભારત મૌસમ સેન્ટર
(C) ભારત મૌસમ ઈન્સ્ટિટયૂટ (D) ત્રણમાંથી કોઈ નહિ **(A)**

7. તાજેતરમાં ગુજરાતના કયા જિલ્લાની કોર્ટમાં ગુજરાતનું સૌપ્રથમ 'સંવેદનશીલ સાક્ષી જુબાની કેન્દ્ર' શરૂ કરવામાં આવ્યું છે ?
(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) વડોદરા (D) રાજકોટ **(C)**

8. તાજેતરમાં રજૂ થયેલા SIPRI રિપોર્ટ 2019 અનુસાર વર્ષ 2018 દરમિયાન સૌથી વધુ લશ્કરી ખર્ચ કરનાર વિશ્વના ટોપ 40 દેશોમાં ભારત કયા ક્રમે છે ?
(A) ત્રીજા (B) ચોથા (C) પાંચમા (D) છઠ્ઠા **(B)**

9. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા SIPRI 2019 રિપોર્ટ અનુસાર વર્ષ 2018 દરમિયાન ભારતના મિલિટરી ખર્ચમાં કેટલા ટકાનો વધારો થયો છે ?
(A) 2.4 (B) 2.8 (C) 3.1 (D) 3.7 **(C)**

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 6 MAY, 2019 MONDAY

### ➤ ભારતીય નૌસેનાના યુદ્ધ જહાજ INS રણજીતને સેવામુક્ત કરવામાં આવ્યું

6 મે, 2019ના રોજ ભારતીય નેવીના યુદ્ધ જહાજ INS રણજીતને 36 વર્ષના કાર્યકાળ બાદ સેવામુક્ત (decommissioned) કરવામાં આવ્યું છે.



- આ માટેનો સમારોહ વિશાખાપટ્ટનમ નેવલ ડોકયાર્ડમાં યોજાયો હતો.
- INS રણજીતનું 15 સપ્ટેમ્બર, 1983ના રોજ કેપ્ટન વિષ્ણુ ભાગવત દ્વારા જલાવતરણ કરવામાં આવ્યું હતું.

#### INS રણજીત

INS રણજીત એ રાજપૂત ક્લાસનું મિસાઈલ ડિસ્ટ્રોયર યુદ્ધ જહાજ છે.

- રાજપૂત ક્લાસના પાંચ યુદ્ધ જહાજોમાંથી સેવાનિવૃત્ત થયેલું INS રણજીત પ્રથમ જહાજ છે.
- તેનું નિર્માણ સોવિયેટ સંઘના યુક્રેઈનના નિકોલેયેવ નામના શહેરમાં 61 Kommunara shipbuilding Plantમાં થયું હતું.
- નિર્માણ સમયે તેનું રશિયન નામ 'Lovkiy' હતું. ત્યારબાદ તેનું ભારતીય નામ 'રણજીત' રાખવામાં આવ્યું હતું.
- INS રણજીતનું ધ્યેય વાક્ય 'સદા રણે જયતે' અથવા તો 'યુદ્ધ મેં સદૈવ વિજયી' હતું.

## ➤ IAS ઓફિસર શ્રી દિલીપ કુમારની લોકપાલમાં સ્પેશિયલ ડ્યુટી ઓફિસર તરીકે નિમણૂક

1995ની બેચના **પંજાબ** કેડરના IAS ઓફિસર **શ્રી દિલીપ કુમાર**ની તાજેતરમાં **લોકપાલ કાર્યાલય**માં **Officer on Special Duty (OSD)** તરીકે નિમણૂક કરવામાં આવી છે.

- તેમની નિમણૂક 6 મહિના માટે કરવામાં આવી છે.
- શ્રી દિલીપ કુમાર લોકપાલમાં ઓફિસિયલ નિમણૂક પામનાર સંભવતઃ **પ્રથમ bureaucrat (સરકારી અમલદાર)** છે.
- શ્રી દિલીપ કુમાર હાલ **રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ**માં સંયુક્ત સચિવ છે.
- હવે તેમને લોકપાલ કાર્યાલયમાં 6 મહિના માટે સ્પેશિયલ ડ્યુટી ઓફિસર તરીકેનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે.

### લોકપાલ શું છે ?

ભારતમાં લોકપાલ એ ભ્રષ્ટાચાર વિરોધી એક **વૈધાનિક (કાયદાકીય)** સંસ્થા છે.

- ભારતમાં સરકારી અધિકારીઓ તથા વડાપ્રધાન સહિતના રાજનેતાઓ સામે થયેલી ભ્રષ્ટાચારની ફરિયાદો તેમજ ભ્રષ્ટાચારના કેસો અંગે તપાસ કરવા માટે આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે.

### લોકપાલનો ઉદ્દેશ

ભારતમાં લોકપાલનો મુખ્ય ઉદ્દેશ સરકારમાં ખાસ કરીને ઉચ્ચ સ્તરે ભ્રષ્ટાચાર અટકાવવાનો છે. અને ઉચ્ચ સ્થાને બિરાજમાન ભ્રષ્ટાચારી અધિકારી કે રાજનેતાને સજા અપાવવાનો છે.

### લોકપાલનું માળખું

ભારતમાં લોકપાલમાં **1 અધ્યક્ષ** અને વધુમાં વધુ કુલ **8 અન્ય સભ્યોની** નિમણૂક કરી શકાય છે.

- આ આઠ સભ્યોમાંથી ઓછામાં ઓછા **ચાર** સભ્યો **જ્યુડિશિયલ** (સુપ્રીમ કોર્ટના જજ અથવા હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ) હોય છે.
- બાકીના ચાર નોન જ્યુડિશિયલ સભ્યો હોય છે.
- લોકપાલના કુલ સભ્યોમાંથી 1 અલ્પસંખ્યક, 1 ST, 1 SC, 1 OBC અને 1 મહિલા સભ્યનો સમાવેશ કરવામાં આવશે.

### લોકપાલના વર્તમાન સભ્યો

ભારતમાં લોકપાલના પ્રથમ અધ્યક્ષ તરીકે **શ્રી પિનાકી ચંદ્ર ઘોષ**ની નિમણૂક કરવામાં આવી છે.

- આ ઉપરાંત લોકપાલના અન્ય 8 સભ્યો તરીકે નીચેના સભ્યોની નિમણૂક કરવામાં આવી છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**લોકપાલના સભ્યો**

| ક્રમ | નામ | વિશેષતા |
|---|---|---|
| 1 | શ્રી પિનાકી ચંદ્ર ઘોષ | અધ્યક્ષ |
| 2 | જસ્ટિસ દિલીપ ભોંસલે | જ્યુડિશિયલ સભ્ય |
| 3 | જસ્ટિસ પી. કે. મોહંતી | જયડિશિયલ સભ્ય |
| 4 | જસ્ટિસ અભિલાષા કુમારી | જ્યુડિશિયલ સભ્ય |
| 5 | જસ્ટિસ એ.કે. ત્રિપાઠી | જ્યુડિશિયલ સભ્ય |
| 6 | શ્રી મહેન્દ્ર સિંહ | નોન જ્યુડિશિયલ સભ્ય |
| 7 | શ્રી ડી . કે. જૈન | નોન જ્યુડિશિયલ સભ્ય |
| 8 | સુશ્રી અર્ચના રામસુંદરમ | નોન જ્યુડિશિયલ સભ્ય |
| 9 | ડો. આઈ. પી. ગૌતમ | નોન જ્યુડિશિયલ સભ્ય |

**નોંધ :** (1) ડો આઈ.પી.ગૌતમ હાલ (6 મે, 2019ની સ્થિતિએ) અમદાવાદ મેટ્રો ટ્રેન પ્રોજેક્ટના વડા છે.
(2) જસ્ટિસ અભિલાષા કુમારી પણ ગુજરાતમાં ફરજ બજાવી ચૂક્યા છે.

## લોકપાલના અધ્યક્ષ બનવા માટેની લાયકાત

લોકપાલના અધ્યક્ષ બનવા માટેની લાયકાતમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

(1) તેમની ઉંમર ઓછામાં ઓછી **45 વર્ષની** હોવી જોઈએ.

(2) તેઓ સુપ્રીમ કોર્ટના વર્તમાન અથવા પૂર્વ મુખ્ય ન્યાયાધીશ હોવા જોઈએ.

**અથવા**

(3) તેઓ સુપ્રીમ કોર્ટના વર્તમાન અથવા તો પૂર્વ ન્યાયાધીશ હોવા જોઈએ.

**અથવા**

(4) તેઓ સમાજના પ્રતિષ્ઠિત વ્યક્તિ હોવા જોઈએ કે જેમણે સમાજ માટે કોઈ ઉત્કૃષ્ટ કાર્ય કર્યું હોય.

## લોકપાલનો કાર્યકાળ

લોકપાલના અધ્યક્ષ તથા તેમના સભ્યોનો કાર્યકાળ **5 વર્ષ** અથવા તો **70 વર્ષની** ઉંમર એ બંનેમાંથી પહેલા જે પૂરું થાય તે હોય છે.

## લોકપાલનો પગાર

**લોકપાલના અધ્યક્ષ**નો પગાર ભારતની સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશના પગાર જેટલો જ એટલે કે **રૂ. 2, 80, 000** હોય છે.

- જ્યારે લોકપાલના અન્ય સભ્યોનો પગાર સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશના પગાર જેટલો જ એટલે કે **રૂ. 2,50,000** હોય છે.

## લોકપાલની નિમણૂક

ભારતમાં લોકપાલની નિમણૂક **રાષ્ટ્રપતિ** દ્વારા કરવામાં આવે છે.

- આ માટે **એક સિલેક્શન કમિટી** રચવામાં આવે છે. આ સિલેક્શન કમિટીની ભલામણને આધારે રાષ્ટ્રપતિ દ્વારા લોકપાલની નિમણૂક કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## લોકપાલ સિલેક્શન કમિટીના સભ્યો

ભારતમાં લોકપાલની પસંદગી માટે સિલેક્શન કમિટીના સભ્યોમાં નીચેની વ્યક્તિઓનો સમાવેશ થાય છે.

1. ભારતના વડાપ્રધાન (અધ્યક્ષ)
2. સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ
3. લોકસભાના વિરોધ પક્ષના નેતા
4. લોકસભાના અધ્યક્ષ
5. એક કાયદાશાસ્ત્રી

**નોંધ :** (1) સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયધીશ જો આ કમિટીના સભ્ય બનવા ન માંગતા હોય તો તેઓ સુપ્રીમ કોર્ટના અન્ય ન્યાયાધીશને તેના સભ્ય બનાવી શકે છે.
(2) આ કમિટીના સભ્ય તરીકે કાયદાશાસ્ત્રીની નિમણૂક અન્ય ચાર સભ્યોની ભલામણથી રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.

## સર્ચ કમિટી

ભારતમાં લોકપાલની નિમણૂક માટે 8 સભ્યોની એક સર્ચ કમિટીની પણ રચના કરવામાં આવે છે.

- આ સમિતિ દ્વારા ભારતમાં લોકપાલના પદ માટે કેટલાક નામોની ભલામણ કરવામાં આવે છે.
- આ નામોમાંથી લોકપાલ સિલેક્શન કમિટી દ્વારા ફાઈનલ નામની પસંદગી કરવામાં આવે છે.

**નોંધ :** તાજેતરમાં રચાયેલી લોકપાલની સર્ચ કમિટીના અધ્યક્ષ શ્રી રંજન પ્રકાશ દેસાઈ હતા.

## લોકપાલ દ્વારા તપાસ

ભારતમાં લોકપાલની તપાસ અંતર્ગત નીચેના હોદ્દાઓનો સમાવેશ થાય છે :

(1) વર્તમાન અને પૂર્વ વડાપ્રધાનો

(2) વર્તમાન અને પૂર્વ કેન્દ્રીય મંત્રીશ્રીઓ

(3) સંસદ સભ્યો

(4) કેન્દ્ર સરકાર અને જાહેર ક્ષેત્રના તમામ વર્ગના કર્મચારીઓ

(5) રૂ. 10 લાખથી વધુનું વિદેશી યોગદાન મેળવતી NGOના કર્મચારીઓ .... વગેરે

## ભારતમાં લોકપાલનો ઈતિહાસ

- ભારતમાં ઈ.સ. 1963માં શ્રી લક્ષ્મીમલ સિંઘવીએ સૌપ્રથમ 'લોકપાલ' શબ્દ આપ્યો હતો.
- ભારતમાં ઈ.સ. 1966માં શ્રીમતી ઈન્દિરા ગાંધી સરકાર દ્વારા શ્રી મોરારજી દેસાઈની અધ્યક્ષતામાં રચાયેલા વહીવટી સુધાર આયોગ દ્વારા ભારતમાં લોકપાલ જેવી સંસ્થાની જરૂરિયાત વ્યક્ત કરવામાં આવી હતી.
- ભારતમાં મે, 1968 દરમિયાન સૌપ્રથમ વખત લોકપાલ બિલ ભારતીય સંસદમાં રજૂ થયું હતું. પરંતુ તે પસાર થઈ શક્યું ન હતું.
- ભારતમાં છેલ્લે 'લોકપાલ અને લોકાયુક્ત બિલ, 2013' ડિસેમ્બર, 2013માં ભારતીય સંસદમાં રજૂ કરવામાં આવ્યું હતું અને પસાર કરવામાં આવ્યું હતું.
- જેને 1 જાન્યુઆરી, 2014ના રોજ રાષ્ટ્રપતિશ્રી દ્વારા મંજૂરી આપવામાં આવી હતી.
- અને 'લોકપાલ અને લોકાયુક્ત અધિનિયમ, 2013' નામનો આ એક્ટ ભારતમાં 16 જાન્યુઆરી, 2014થી અમલમાં આવ્યો છે.

**નોંધ :** વિશ્વમાં સૌપ્રથમ 1809માં સ્વીડનમાં 'ઓમ્બુડસમેન' નામથી લોકપાલ જેવી સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

1. 6 મે 2019ના રોજ ભારતીય નૌસેનાના કયા જહાજને સેવાનિવૃત્ત કરવામાં આવ્યું છે ?
(A) INS વિક્રાંત (B) INS રાજપૂત (C) INS રણજીત (D) INS ઈમ્ફાલ — (C)

2. તાજેતરમાં 6 મે 2019ના રોજ કયાં યોજાયેલા સમારોહમાં ભારતીય નૌસેનાના યુદ્ધ જહાજ INS રણજીતને સેવાનિવૃત્ત કરવામાં આવ્યું છે ?
(A) કોલકાતા (B) વિશાખાપટ્ટનમ (C) મુંબઈ (D) પોરબંદર — (B)

3. તાજેતરમાં સેવાનિવૃત્ત થયેલા યુદ્ધ જહાજ INS રણજીતનું સૌપ્રથમ જલાવતરણ ક્યારે કરવામાં આવ્યું હતું ?
(A) 1970 (B) 1973 (C) 1980 (D) 1983 — (D)

4. તાજેતરમાં ભારતના લોકપાલ કાર્યાલયમાં સ્પેશિયલ ડયુટી ઓફિસર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે કે જે લોકપાલમાં ઓફિસિયલ નિમણૂક પામનાર સંભવતઃ પ્રથમ સરકારી અમલદાર છે ?
(A) શ્રી મનોજ કુમાર (B) શ્રી રાજ કુમાર
(C) શ્રી અનિલ કુમાર (D) શ્રી દિલીપ કુમાર **(D)**

5. તાજેતરમાં ભારતના પ્રથમ લોકપાલ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી પિનાકી ચંદ્ર ઘોષ (B) શ્રી ડી.સી. ઘોષ
(C) શ્રી પિનાકી ચંદ્ર બેનર્જી (D) ઉપરોક્ત એક પણ નહિ **(A)**

6. ભારતના પ્રથમ લોકપાલ શ્રી પી.સી. ઘોષનો જન્મ કયા રાજ્યમાં થયો હતો ?
(A) ઉત્તરપ્રદેશ (B) બિહાર (C) પશ્ચિમ બંગાળ (D) ઓડિશા **(C)**

7. ભારતના લોકપાલના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન સાચું નથી ?
(A) તેમાં 1 અધ્યક્ષ અને વધુમાં વધુ અન્ય 8 સભ્ય હોય છે.
(B) તે એક સંવિધાનિક સંસ્થા છે.
(C) તેના અધ્યક્ષ અને સભ્યનો કાર્યકાળ 5 વર્ષ અથવા 70 વર્ષ તે બેમાંથી જે પહેલા પૂરું થાય તે હોય છે.
(D) તેના 8 સભ્યોમાંથી ઓછામાં ઓછા 4 સભ્યો જ્યુડિશિયલ હોય છે. **(B)**

8. ભારતમાં લોકપાલની નિમણૂક માટેની સિલેક્શન કમિટીના સભ્યોમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?
(A) વિરોધ પક્ષના નેતા (B) લોકસભા અધ્યક્ષ
(C) સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ (D) ભારતના એટર્ની જનરલ **(D)**

9. 27 માર્ચ, 2019ના રોજ ભારતમાં નવી દિલ્હી ખાતે યોજાયેલા એક સમારોહમાં કોના દ્વારા લોકપાલના સભ્યોને શપથ અપાવવામાં આવ્યા છે ?
(A) શ્રી રામનાથ કોવિંદ (B) શ્રી વેંકૈયા નાયડુ
(C) શ્રી પી. સી. ઘોષ (D) લોકપાલના સભ્યોને શપથ લેવાના હોતા નથી **(C)**

10. તાજેતરમાં ભારતમાં નિમણૂક પામેલા લોકપાલના 4 જ્યુડિશિયલ સભ્યોમાં નીચેનામાંથી કયા સભ્યનો સમાવેશ થતો નથી ?
(A) જસ્ટિસ દિલીપ બાબાસહેબ ભોંસલે (B) જસ્ટિસ દિનેશકુમાર જૈન
(C) જસ્ટિસ અભિલાષા કુમારી (D) જસ્ટિસ અજયકુમાર ત્રિપાઠી **(B)**

11. તાજેતરમાં ભારતમાં નિમણૂક પામેલા લોકપાલના નોન જ્યુડિશિયલ સભ્યોમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?
(A) શ્રી પ્રદીપકુમાર મોહંતી (B) શ્રી દિનેશકુમાર જૈન
(C) શ્રી મહેન્દ્ર સિંહ (D) શ્રીમતી અર્ચના રામસુન્દરમ **(A)**

12. ભારતમાં લોકપાલના સભ્યોનો પગાર કેટલો હોય છે ?
(A) 2,80,000 (B) 2,50,000 (C) 2,40,000 (D) 2,25,000 **(B)**

13. ભારતમાં લોકપાલના અધ્યક્ષ તથા તેમના સભ્યોનો કાર્યકાળ કેટલો હોય છે ?
(A) 5 વર્ષ અથવા 60 વર્ષની ઉંમર એ બેમાંથી પહેલા જે પૂરું થાય તે
(B) 5 વર્ષ અથવા 65 વર્ષની ઉંમર એ બેમાંથી પહેલા જે પૂરું થાય તે
(C) 5 વર્ષ અથવા 70 વર્ષની ઉંમર એ બેમાંથી પહેલા જે પૂરું થાય તે
(D) 5 વર્ષ અથવા 75 વર્ષની ઉંમર એ બેમાંથી પહેલા જે પૂરું થાય તે **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 7 MAY, 2019 TUESDAY

### ➢ દિવસ મહિમા : 7 મે, (1) અક્ષય તૃતીયા, શ્રી પરશુરામ જયંતી
### (2) મે માસનો પ્રથમ મંગળવાર, વિશ્વ અસ્થમા દિવસ

#### શ્રી પરશુરામ જયંતી



દર વર્ષે વૈશાખ સુદ ત્રીજને અક્ષય તૃતીયા (અખાત્રીજ)નો દિવસ ભગવાન પરશુરામની જયંતી તરીકે ઉજવાય છે.

- ભગવાન પરશુરામને ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર માનવામાં આવે છે.
- ભૃગુશ્રેષ્ઠ ભગવાન પરશુરામ જમદગ્નિ ઋષિ અને માતા રેણુકાના પુત્ર છે.
- ભગવાન પરશુરામે હૈહવકુળનો નાશ કર્યો હતો.
- ગુજરાતમાં સોમનાથ એ ભગવાન પરશુરામની તપોભૂમિ છે. પરશુરામ ભગવાને શિવજીનું તપ કર્યું અને વરદાનમાં શિવજીએ પરશુ(કુહાડી) આપી હતી. ત્યારથી તેમનું નામ પરશુરામ પડ્યું હતું.

#### વિશ્વ અસ્થમા દિવસ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

સમગ્ર વિશ્વમાં દર વર્ષે મે મહિનાના પ્રથમ મંગળવારે 'વિશ્વ અસ્થમા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.




- આ અંતર્ગત વર્ષ 2019માં 7 મેના રોજ 'વિશ્વ અસ્થમા દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ સમગ્ર વિશ્વમાં અસ્થમાની બિમારી વિશે જાગૃતિ લાવવાનો છે.
- સૌપ્રથમ 1998માં સ્પેન, બાર્સેલોના સહિત વિશ્વના આશરે 35 દેશોમાં આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- 'ગ્લોબલ ઈનેશિયેટિવ ફોર અસ્થમા' દ્વારા આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ 2019ના 'વિશ્વ અસ્થમા દિવસ'ની થીમ 'STOP for Asthma' છે.

**નોંધ :** અસ્થમાને ગુજરાતીમાં દમ, હાંફ કે શ્વાસના રોગ તરીકે પણ ઓળખવામાં આવે છે.

### ➢ રશિયાના વિમાનમાં આગથી 41નાં મોત



5 મે, 2019ના રોજ રશિયાની Aeroflot (એરોફ્લોટ) નામની નેશનલ એરલાઈન્સનું સુખોઈ સુપરજેટ-100 પ્રવાસી વિમાન ટેક ઓફ કરી રહ્યું હતું ત્યારે તેમાં ખામી સર્જાતા તેનું ઈમર્જન્સી લેન્ડીંગ કરતી વખતે તેમાં અચાનક આગ લાગી હતી.

- આ આગને કારણે આશરે 41 લોકોનાં મોત થયા છે.
- આ પ્લેન રશિયાના મોસ્કોથી ઉત્તર રશિયાના મરમાંસ્ક શહેર તરફ જઈ રહ્યું હતું ત્યારે આ દુર્ઘટના ઘટી હતી.
- આ સળગતા વિમાનને રશિયામાં મોસ્કોના શેરેમેટયેવો એરપોર્ટ પર ઉતારવામાં આવ્યું હતું.

## ➤ સ્કોર્પિયન ક્લાસની ચોથી સબમરીન INS વેલા લોન્ચ

6 મે, 2019ના રોજ ભારતમાં મુંબઈ ખાતેથી INS વેલા નામની એક સબમરીન લોન્ચ કરવામાં આવી છે.

- આ સબમરીનનું નિર્માણ મુંબઈની 'મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ (MDL)' દ્વારા મેક ઈન ઈન્ડિયા પ્રોજેક્ટ અંતર્ગત થયું છે.
- INS વેલા એ સ્કોર્પિયન ક્લાસ(અથવા તો વર્ગ કે શ્રેણી)ની ચોથી સબમરીન છે.
- સ્કોર્પિયન ક્લાસમાં કુલ 6 સબમરીનનો સમાવેશ થાય છે.
- આ 6 સબમરીનના નિર્માણ માટે ભારત અને ફ્રાન્સ વચ્ચે કરાર થયા હતા.
- આ કરાર મુજબ આ 6 સબમરીનનું નિર્માણ ભારતમાં મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડમાં થશે અને આ માટેની નિર્માણ ટેક્નોલોજી ફ્રાન્સની 'નેવલ ગ્રૂપ' નામની કંપની દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવશે.

**સ્કોર્પિયન ક્લાસ/વર્ગ/શ્રેણીની સબમરીન**

| ક્રમ | નામ | લોન્ચ | કમિશન્ડ (નૌસેનામાં શામેલ) |
|---|---|---|---|
| 1 | INS Kalvari | 6 એપ્રિલ, 2015 | 14 ડિસેમ્બર, 2017 |
| 2 | INS Khanderi | 12 જાન્યુઆરી, 2017 | – |
| 3 | INS Karanj | 31 જાન્યુઆરી, 2018 | – |
| 4 | INS Vela | 6 મે, 2019 | – |
| 5 | INS Vagir | – | – |
| 6 | INS Vagsheer | – | – |

- સ્કોર્પિયન ક્લાસની તમામ સબમરીન કોઈપણ આધુનિક સબમરીન દ્વારા કરવામાં આવતા તમામ કાર્યો કરવા માટે સક્ષમ છે.
- જેમાં એન્ટી સરફેશ તથા એન્ટી સબમરીન યુદ્ધ ક્ષમતાનો પણ સમાવેશ થાય છે.

**નોંધ :** (1) સ્કોર્પિયન ક્લાસની સબમરીનને અગાઉ 'કલવરી ક્લાસ'ની સબમરીન તરીકે પણ ઓળખવામાં આવતી હતી.
(2) મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ અથવા તો મઝગાંવ ડોક લિમિટેડ (MDL) એ ભારતની જાહેર ક્ષેત્રની મુખ્ય જહાજ નિર્માણ કંપની છે, જે ભારતીય નૌસેનાની જરૂરિયાત પૂરી કરે છે.
(3) આ કંપની મહારાષ્ટ્રમાં મુંબઈના મઝગાંવ ખાતે આવેલી છે.
(4) INS Velaમાં INSનું પૂરું નામ 'Indian Navy (અથવા તો Naval) Ship' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ICE Questions

1. ભારતમાં અક્ષય તૃતીયા અથવા અખાત્રીજ તરીકે કયો દિવસ ઓળખાય છે ?
(A) ચૈત્ર સુદ ત્રીજ (B) ચૈત્ર વદ ત્રીજ (C) વૈશાખ સુદ ત્રીજ (D) વૈશાખ વદ ત્રીજ **(C)**

2. ભારતમાં શ્રી પરશુરામ જયંતી તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?
(A) વૈશાખ સુદ ત્રીજ (B) અખાત્રીજ (C) અક્ષય તૃતીયા (D) ઉપરોક્ત ત્રણેય **(D)**

3. 'વિશ્વ અસ્થમા દિવસ' તરીકે દર વર્ષે કયો દિવસ ઉજવાય છે ?
(A) 7 મે (B) મે માસનો પ્રથમ રવિવાર
(C) મે માસનો પ્રથમ મંગળવાર (D) 5 મે **(C)**

4. વર્ષ 2019ની 'વિશ્વ અસ્થમા દિવસ'ની થીમ શું છે ?
(A) Allergy and Asthma (B) STOP for Asthma
(C) Better air better breathing (D) Global Initiative for Asthma **(B)**

5. તાજેતરમાં કયા દેશના વિમાનમાં ઈમર્જન્સી લેન્ડીંગ સમયે આગ લાગતાં આશરે 41 લોકોનાં મોત થયા હતા ?
(A) ઈન્ડોનેશિયા (B) મલેશિયા (C) રશિયા (D) થાઈલેન્ડ **(C)**

6. મે 2019 દરમિયાન રશિયાની કઈ એરલાઈનના સુખોઈ સુપરજેટ-100 નામના વિમાનમાં આગ લાગતાં 41 લોકોના મોત થયા હતા ?
(A) Aurora (B) Nordavia (C) Rossiya (D) Aeroflot **(D)**

7. મે 2019 દરમિયાન રશિયાના કયા શહેરમાંથી ટેક ઓફ થયેલા રશિયાની નેશનલ એરલાઈન Aeroflotના એક વિમાનમાં આગ લાગતાં આશરે 41 લોકોનાં મોત થયા હતા ?
(A) મોસ્કો (B) મરમાંસ્ક (C) સોચિ (D) સેરેટોવ **(A)**

8. 6 મે 2019ના રોજ ભારતમાં કઈ નવી સબમરીન લોન્ચ કરવામાં આવી છે ?
(A) INS karanj (B) INS Ranjit (C) INS Vagir (D) INS Vela **(D)**

9. 6 મે, 2019ના રોજ ભારતમાં INS Vela નામની સબમરીન કયાંથી લોન્ચ કરવામાં આવી છે ?
(A) કોલકાતા (B) ચેન્નાઈ (C) મુંબઈ (D) વિશાખાપટ્ટનમ **(C)**

10. 6 મે, 2019ના રોજ લોન્ચ થયેલી INS વેલા નામની સબમરીન કયા ક્લાસ, વર્ગ કે શ્રેણીની ચોથી સબમરીન છે ?
(A) રાજપૂત (B) ખંડેરી (C) કારંજ (D) સ્કોર્પિયન **(D)**

11. 6 મે, 2019ના રોજ લોન્ચ થયેલ INS વેલાના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
(1) તેનું નિર્માણ ફ્રાન્સની સહાયથી થયું છે.
(2) તેનું નિર્માણ 'મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ'માં થયું છે.
Ans. (A) 1 અને 2 (B) ફક્ત 1 (C) ફક્ત 2 (D) એક પણ નહિ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

કરી શકો જો યુદ્ધ પહેલા જ, યુદ્ધની કવાયત
GPSCનો જંગ જીતવા, આવો કરીએ જમાવટ

GPSC
ક્લાસ 1/2
P.I. • S.T.I. • DY.SO • DY.MAMLATDAR

નવી બેચ શરૂ
સાંજે 7 થી 9

GPSC દ્વારા ICEના 170થી વધુ અધિકારીશ્રીઓ

વિકલી OMR પેપર પ્રેક્ટિસ

સ્માર્ટ વર્ક અને સમજણ શકિતના સમન્વયથી અભ્યાસ

| | |
|---|---|
| GPSC CLASS 1/2 ઓફિસર બનેલા વિદ્યાર્થી ઉમેદવારોનું સ્વાનુભવસિદ્ધ માર્ગદર્શન | શરૂઆતથી નિમણૂક પત્ર સુધીનો આયોજનબદ્ધ રોડ મેપ |
| GPSCની નવી પરીક્ષા પદ્ધતિને અનુરૂપ ટુ ધી પોઈન્ટ રીડીંગ મટીરિયલ્સ | પરીક્ષા પાસ કરવાની આક્રમક વ્યૂહરચના |
| દરેક વિષયની ઉંડાણપૂર્વકની કન્સેપ્ચ્યુઅલ તૈયારી | GPSC CLASS 1/2ની એક્સપર્ટ ટીમ દ્વારા કોચિંગ |

કાલાવડ રોડ, તિરૂપતી પેટ્રોલ પંપ સામે, સ્વામિનારાયણ મંદિર પાસે, રાજકોટ.
ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS
Call : 9375701110 / 9328001110

## 8 MAY, 2019 WEDNESDAY

### ➤ દિવસ મહિમા : 8 મે, વર્લ્ડ રેડ ક્રોસ ડે

### ➤ Arctic Councilના Observer તરીકે ભારતની ફરીથી પસંદગી કરવામાં આવી

આર્કટિક ક્ષેત્રના 8 દેશોની આર્કટિક કાઉન્સિલમાં ભારતને વર્ષ 2013થી 'Observer' (નિરીક્ષક) કન્ટ્રીનો દરજ્જો આપવામાં આવ્યો છે.

- તાજેતરમાં 6-7 મે, 2019 દરમિયાન ફિનલેન્ડના Rovaniemi (રોવાનીએમી) ખાતે આર્કટિક કાઉન્સિલની 11મી મંત્રીસ્તરીય બેઠકનું આયોજન થયું હતું.
- આ બેઠકમાં આર્કટિક કાઉન્સિલના 'ઓબ્ઝર્વર' તરીકે ભારતની ફરીથી પસંદગી કરવામાં આવી છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આર્કટિક કાઉન્સિલ

આર્કટિક કાઉન્સિલ એ હાઈ-લેવલની ઈન્ટરગવર્નમેન્ટલ ફોરમ છે.

- આર્કટિક દેશોની સરકારો તથા આર્કટિક ક્ષેત્રના લોકોના પ્રશ્નોના નિરાકરણ માટે આ કાઉન્સિલની રચના કરવામાં આવી છે.
- 19 સપ્ટેમ્બર, 1996ના રોજ ઓટાવા ડિકલેરેશન અંતર્ગત તેની સ્થાપના થઈ હતી.
- આ કાઉન્સિલના 8 સભ્યોમાં કેનેડા, ડેન્માર્ક, ફિનલેન્ડ, આઈસલેન્ડ, નોર્વે, રશિયા, સ્વીડન અને અમેરિકાનો સમાવેશ થાય છે.
- આ કાઉન્સિલના ઓબ્ઝર્વર કન્ટ્રીમાં ભારત ઉપરાંત ચીન, જાપાન, જર્મની, સિંગાપોર, બ્રિટન વગેરે દેશોનો સમાવેશ થાય છે.

## ➤ 'હની મિશન' અંતર્ગત 1 લાખથી વધુ મધમાખી બોકસનું વિતરણ



ભારત સરકારના ખાદી અને ગ્રામ ઉદ્યોગ આયોગ દ્વારા ભારતમાં મધના ઉત્પાદનમાં વૃદ્ધિ અને ખેડૂતોની આવકમાં વધારો કરવાના હેતુથી 'હની મિશન'નો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

- આ મિશન અંતર્ગત મધમાખીનો ઉછેર કરનાર લોકોને પાયાનું શિક્ષણ આપવામાં આવ્યું હતું.
- અને સમગ્ર દેશમાં ખેડૂતો તથા બેરોજગાર યુવાનોને મધમાખીના ઉછેર માટે મધમાખીના બોકસનું વિતરણ કરવામાં આવ્યું હતું.
- આ મિશન અંતર્ગત બે વર્ષથી પણ ઓછા સમયમાં 1 લાખથી વધુ મધમાખી બોકસનું વિતરણ કરવામાં આવ્યું છે.

## ➤ ચીફ જસ્ટિસ રંજન ગોગોઈને મળી ક્લીન ચીટ



ભારતમાં સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ પર તાજેતરમાં સુપ્રીમ કોર્ટની એક પૂર્વ મહિલા કર્મચારીએ જાતીય સતામણીનો આરોપ મૂકયો હતો.

- આ આરોપોની તપાસ માટે જસ્ટિસ એસ. એ. બોબડેની અધ્યક્ષતામાં ત્રણ સભ્યોની સુપ્રીમ કોર્ટની ઈન-હાઉસ કમિટીની રચના કરવામાં આવી હતી.
- આ પેનલે ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ પરના આરોપો ફગાવી દીધા છે અને તેમને ક્લીન ચીટ આપી છે.
- આ પેનલના અન્ય બે સભ્યોમાં જસ્ટિસ ઈન્દિરા બેનર્જી અને જસ્ટિસ ઈન્દુ મલ્હોત્રાનો સમાવેશ થાય છે.

INSTITUTE FOR COMPETITIVE EX

## ICE ? Questions

1. 'વર્લ્ડ રેડ ક્રોસ ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 5 મે (B) 6 મે (C) 7 મે (D) 8 મે **(D)**

2. તાજેતરમાં કઈ કાઉન્સિલના ઓબ્ઝર્વર કન્ટ્રી તરીકે ભારતની ફરીથી પસંદગી કરવામાં આવી છે ?

(A) પનામા કાઉન્સિલ (B) એટલાન્ટિક કાઉન્સિલ
(C) એન્ટાર્કટિકા કાઉન્સિલ (D) આર્કટિક કાઉન્સિલ **(D)**

3. 6-7 મે 2019 દરમિયાન આર્કટિક કાઉન્સિલની કઈ જગ્યાએ યોજાયેલી બેઠક દરમિયાન ભારતની આર્કટિક કાઉન્સિલના ઓબ્ઝર્વર તરીકે ફરીથી પસંદગી કરવામાં આવી છે ?
(A) રોવાનીએમી, નોર્વે (B) રોવાનીએમી, આઈસલેન્ડ
(C) રોવાનીએમી, ફિનલેન્ડ (D) રોવાનીએમી, સ્વીડન
**(C)**

4. ભારત સરકારના ખાદી અને ગ્રામ ઉદ્યોગ આયોગ દ્વારા કયા મિશન અંતર્ગત મધમાખી બોક્સનું વિતરણ કરવામાં આવે છે ?
(A) મધમાખી મિશન (B) મધમાખી બોક્સ મિશન
(C) હની મિશન (D) હની બોક્સ મિશન
**(C)**

5. ભારત સરકારના ખાદી અને ગ્રામ ઉદ્યોગ આયોગ દ્વારા ભારતમાં મધના ઉત્પાદનમાં વૃદ્ધિ કરવા માટે 'હની મિશન' અંતર્ગત એપ્રિલ 2019 સુધીમાં આશરે કેટલા મધમાખી બોક્સનું વિતરણ કરવામાં આવ્યું છે ?
(A) 1 લાખથી વધુ (B) 2 લાખથી વધુ (C) 3 લાખથી વધુ (D) 4 લાખથી વધુ
**(A)**

6. તાજેતરમાં ભારતમાં સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ પર મૂકવામાં આવેલા જાતીય સતામણીના આરોપો અંગે તપાસ કરવા રચાયેલી સુપ્રીમ કોર્ટની ત્રણ સભ્યોની ઈન–હાઉસ કમિટીએ ચીફ જસ્ટિસ રંજન ગોગોઈને નિર્દોષ જાહેર કર્યા છે...આ પેનલના અધ્યક્ષનું નામ શું છે ?
(A) જસ્ટિસ ડી. વાય. ચંદ્રચૂડ (B) જસ્ટિસ એસ. એ. બોબડે
(C) જસ્ટિસ આર. એફ. નરિમાન (D) જસ્ટિસ યુ. યુ. લલિત
**(B)**

7. તાજેતરમાં સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ પર એક મહિલા દ્વારા કરવામાં આવેલા જાતીય સતામણીના આરોપોની તપાસ માટે રચાયેલી સુપ્રીમ કોર્ટની ત્રણ સભ્યોની ઈન–હાઉસ કમિટીમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?
(A) જસ્ટિસ એસ. એ. બોબડે (B) જસ્ટિસ ઈન્દુ મલ્હોત્રા
(C) જસ્ટિસ ઈન્દિરા બેનર્જી (D) જસ્ટિસ ઈન્દ્રાણી શર્મા
**(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 9 MAY, 2019 THURSDAY

## ➤ 'ઉન્નત ભારત અભિયાન' અંતર્ગત IIT કાનપુર સાથે કરાર

'ઉન્નત ભારત અભિયાન' એ ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય અંતર્ગત શરૂ કરવામાં આવેલી એક પહેલ છે.




- ભારતમાં ગ્રામીણ વિકાસ માટે આ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.
- આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ ભારતમાં ટેક્નિકલ શિક્ષણ સંસ્થાઓનું જ્ઞાન, સ્વૈચ્છિક સંગઠનોનો અનુભવ અને સરકારના સંસાધનોના સમન્વયથી ભારતના ગામડાઓનો વિકાસ કરવાનો છે.
- આ અભિયાન અંતર્ગત એક ઉચ્ચ શિક્ષણ સંસ્થાને ઓછામાં ઓછા પાંચ ગામો સાથે જોડવામાં આવશે. અને ત્યારબાદ આ શિક્ષણ સંસ્થા દ્વારા ગામના આર્થિક અને સામાજિક વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપવામાં આવશે.
- જેમાં ગ્રામીણ ક્ષેત્રોની સમસ્યાઓના સમાધાન માટે આ શિક્ષણ સંસ્થા દ્વારા નવીન ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવશે.
- આ ઉપરાંત સરકારી યોજનાઓના અમલ માટે પણ આ શિક્ષણ સંસ્થાઓ દ્વારા યોગદાન આપવામાં આવશે.

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

## IIT કાનપુર સાથે કરાર

આ અભિયાન અંતર્ગત તાજેતરમાં ઈ-ગવર્નન્સ સર્વિસિઝ ઈન્ડિયા લિમિટેડ દ્વારા IIT કાનપુર સાથે કરાર કરવામાં આવ્યા છે.

- આ કરાર અંતર્ગત IIT કાનપુર દ્વારા ઉત્તરપ્રદેશના પાંચ ગામોને દત્તક લેવામાં આવ્યા છે.
- આ પાંચ ગામોના આર્થિક સામાજિક વિકાસ માટે IIT કાનપુર દ્વારા યોગદાન આપવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS






GPSC 1/2, PI, PSI/CONSTABLE, Dy.SO, નાયબ મામલતદાર, બિનસચિવાલય કલાર્ક, તલાટી, TET, TAT વગેરે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક

ગુજરાતનો સાંસ્કૃતિક વારસો

LATEST 2019

ભારતનો ઈતિહાસ

Available at amazon



## ➤ સુશ્રી જગજીત પવડિયા ઈન્ટરનેશનલ નાર્કોટિક્સ કન્ટ્રોલ બોર્ડમાં ફરીથી ચૂંટાઈ આવ્યા



ભારતના **સુશ્રી જગજીત પવડિયા** **International Narcotics Control Board(INCB)**ના **સભ્ય** તરીકે ફરીથી ચૂંટાઈ આવ્યા છે.

- આ બોર્ડના સભ્યોની પસંદગી માટે તાજેતરમાં **યુનાઈટેડ નેશન્સ**ની **Economic and Social Council (ECOSOC)**માં ચૂંટણી યોજાઈ હતી.
- જેમાં 54 સભ્યોએ આ ચૂંટણીમાં ભાગ લીધો હતો.
- તેમાંથી ભારતના સુશ્રી જગજીત પવડિયાને સૌથી વધુ 44 વોટ મળ્યા હતા.
- તેઓ વર્ષ 2015થી ઈન્ટરનેશનલ નાર્કોટિક્સ કન્ટ્રોલ બોર્ડના સભ્ય છે. અને હવે તેઓ ફરીથી ચૂંટાઈ આવ્યા છે.

**નોંધ :** **International Narcotics Control Board (INCB)**એ એક **અર્ધન્યાયિક બોર્ડ** છે. જે નશીલી દવાઓ તથા માદક દ્રવ્યો પર મૂકવામાં આવેલા પ્રતિબંધોનું મોનિટરિંગ કરે છે.

## ➤ એનિમલ એક્સચેન્જ પ્રોગ્રામ અંતર્ગત ગુજરાતના સિંહ મુંબઈ અને પંજાબ મોકલવા મંજૂરી



તાજેતરમાં મે, 2019 દરમિયાન **એનિમલ એક્સચેન્જ પ્રોગ્રામ** અંતર્ગત ગુજરાતના કુલ **6 સિંહ** **મુંબઈ** અને **પંજાબ**માં મોકલવા માટે ગુજરાત સરકારે મંજૂરી આપી દીધી છે.

- આ અંતર્ગત ગુજરાતના **જૂનાગઢ** ખાતે આવેલા **શક્કરબાગ પ્રાણી સંગ્રહાલય**માંથી **મુંબઈ** સ્થિત **જીજાબાઈ ભોંસલે ઉદ્યાન**ને બે નર અને બે માદા સિંહ સહિત કુલ **4 સિંહ** આપવામાં આવશે.
- જેની સામે **મુંબઈ**ના **જીજાબાઈ ભોંસલે ઉદ્યાન**માંથી **ઝીબ્રાની બે જોડી**, કોકટેઈલ ગ્રેની બે અને કોકટેઈલ વ્હાઈટની એક જોડી, નાઈટ એરોનની ચાર જોડી અને એક માદા હોર્નબિલ જેવા વન્ય પ્રાણીઓ **જૂનાગઢ**ના **શક્કરબાગ પ્રાણી સંગ્રહાલય**માં આવશે.
- એ જ રીતે ગુજરાતના **રાજકોટ** ખાતે આવેલા **પ્રદ્યુમન ઝૂલોજિકલ પાર્ક**માંથી **પંજાબ**ના **છતબીર** ખાતે આવેલા **એમ. સી. ઝૂલોજિકલ પાર્ક**ને **સિંહની એક જોડી** આપવામાં આવશે.
- જેની સામે **પંજાબ**ના **એમ. સી. ઝૂલોજિકલ પાર્ક**માંથી **એક હિમાલિયન રીંછ**, જંગલ કેટની એક જોડી, હમદ્રયાસ બબુનની એક જોડી, રોઝ રીંગ પેરાકીટની ત્રણ જોડી, કોમ્બ ડકની બે જોડી, ઝીબ્રા ફીન્ચ તથા પેઈન્ટેડ સ્ટ્રોક જેવા વન્ય પ્રાણીઓ એક્સચેન્જમાં રાજકોટના **પ્રદ્યુમન ઝૂલોજિકલ પાર્ક**ને મળશે.

### ગુજરાતના કયા પ્રાણી સંગ્રહાલયમાંથી કયા પ્રાણી સંગ્રહાલયને કેટલા સિંહ આપવામાં આવશે ?

| ક્રમ | કયા પ્રાણી સંગ્રહાલયમાંથી | કયા પ્રાણી સંગ્રહાલયને | કેટલા સિંહ અપાશે ? |
|---|---|---|---|
| 1 | શક્કરબાગ પ્રાણી સંગ્રહાલય, જૂનાગઢ | જીજાબાઈ ભોંસલે ઉદ્યાન, મુંબઈ (મહારાષ્ટ્ર) | 4 |
| 2 | પ્રદ્યુમન ઝૂલોજિકલ પાર્ક, રાજકોટ | એમ. સી. ઝૂલોજિકલ પાર્ક, છતબીર (પંજાબ) | 2 |

ICE INSTITUTE FOR COMPETITIVE

## ICE Questions

1. ભારતમાં ગ્રામીણ વિકાસ માટે ભારત સરકારના કયા મંત્રાલય દ્વારા 'ઉન્નત ભારત અભિયાન' શરૂ કરવામાં આવ્યું છે ?

(A) ગ્રામીણ વિકાસ મંત્રાલય (B) પંચાયતી રાજ મંત્રાલય
(C) સામાજિક ન્યાય મંત્રાલય (D) માનવ સંસાધન વિકાસ મંત્રાલય **(D)**

2. ભારત સરકારના કયા અભિયાન અંતર્ગત તાજેતરમાં IIT કાનપુર દ્વારા ઉત્તરપ્રદેશના પાંચ ગામો દત્તક અથવા તો ગોદ લેવામાં આવ્યા છે ?

(A) મેરા ભારત અભિયાન (B) નયા ભારત અભિયાન
(C) ઉન્નત ભારત અભિયાન (D) શ્રેષ્ઠ ભારત અભિયાન **(C)**

3. તાજેતરમાં ભારતના કયા સભ્ય ઈન્ટરનેશનલ નાર્કોટિક્સ કન્ટ્રોલ બોર્ડ(INCB)માં ફરીથી ચૂંટાઈ આવ્યા છે ?

(A) શ્રી જગજીત સિંહ (B) સુશ્રી જગજીત પંવર
(C) શ્રી જગજીત ચૌધરી (D) સુશ્રી જગજીત પવડિયા **(D)**

4. તાજેતરમાં મે, 2019 દરમિયાન એનિમલ એક્સચેન્જ પ્રોગ્રામ અંતર્ગત ગુજરાતના કુલ કેટલા સિંહ અન્ય રાજ્યમાં મોકલવા ગુજરાત સરકારે મંજૂરી આપી છે ?

(A) 2 (B) 4 (C) 6 (D) 8 **(C)**

5. એનિમલ એક્સચેન્જ પ્રોગ્રામ અંતર્ગત તાજેતરમાં ગુજરાત સરકારે કયા રાજ્યમાં કુલ 6 સિંહ મોકલવાની મંજૂરી આપી છે ?

(A) પંજાબ અને મધ્યપ્રદેશ (B) પંજાબ અને રાજસ્થાન
(C) પંજાબ અને મહારાષ્ટ્ર (D) મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ **(C)**

6. મુંબઈના જીજાબાઈ ભોંસલે ઉદ્યાનમાં ગુજરાતના કયા પ્રાણી સંગ્રહાલયમાંથી 4 સિંહ મોકલવા ગુજરાત સરકારે મંજૂરી આપી છે ?

(A) કમલાનહેરુ ઝૂ, કાંકરિયા અમદાવાદ (B) સયાજીબાગ ઝૂ, વડોદરા
(C) પ્રદ્યુમન ઝૂલોજિકલ પાર્ક, રાજકોટ (D) શક્કરબાગ ઝૂ, જૂનાગઢ **(D)**

7. ગુજરાતના રાજકોટ ખાતે આવેલા પ્રદ્યુમન ઝૂલોજિકલ પાર્કમાંથી કઈ જગ્યાએ 2 સિંહની એક જોડી મોકલવા ગુજરાત સરકારે તાજેતરમાં મંજૂરી આપી છે ?

(A) જીજાબાઈ ભોંસલે ઉદ્યાન, મુંબઈ (મહારાષ્ટ્ર) (B) છત્રપતિ શિવાજી ઉદ્યાન, મુંબઈ (મહારાષ્ટ્ર)
(C) આર.સી. ઝૂલોજિકલ પાર્ક, છતબીર (પંજાબ) (D) એમ.સી. ઝૂલોજિકલ પાર્ક, છતબીર (પંજાબ) **(D)**

8. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં કયા પ્રોજેક્ટ અંતર્ગત ગુજરાતમાંથી કુલ 6 સિંહ મહારાષ્ટ્ર અને પંજાબમાં મોકલવાની મંજૂરી આપવામાં આવી છે ?

(A) લાયન એક્સચેન્જ પ્રોગ્રામ (B) ઝૂ એક્સચેન્જ પ્રોગ્રામ
(C) એનિમલ એક્સચેન્જ પ્રોગ્રામ (D) સ્ટેટ એક્સચેન્જ પ્રોગ્રામ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**10 MAY, 2019 FRIDAY**

## ➤ ઈરાનથી નિકાસ થતી ધાતુઓ પર અમેરિકાનો પ્રતિબંધ



અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પે 8 મે, 2019ના રોજ એક આદેશ પ્રસિદ્ધ કરીને ઈરાનની ધાતુઓ પર પ્રતિબંધ મૂકી દીધો છે.

- આ અંતર્ગત ઈરાનથી નિકાસ થતી સ્ટીલ, લોખંડ, એલ્યુમિનિયમ અને તાંબા જેવી ધાતુઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.
- આ પ્રતિબંધનો મુખ્ય ઉદ્દેશ ધાતુઓની નિકાસથી થતી ઈરાનની આવક રોકવાનો છે.
- અમેરિકાના મતે ઈરાન આ નાણાંનો ઉપયોગ પોતાના પરમાણુ કાર્યક્રમને આગળ વધારવા માટે તેમજ તેની સૈન્ય તાકાતમાં વધારો કરવા માટે કરી શકે છે.
- ધાતુ પરના આ પ્રતિબંધ અગાઉ અમેરિકાએ ઈરાનના ક્રૂડ ઓઈલ પર પ્રતિબંધ મૂકયો હતો અને વિશ્વના દેશોને ઈરાન પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવા મનાઈ ફરમાવી હતી.

## ➤ ભારતના પ્રથમ Natural ICE CAFEનો જમ્મુ-કાશ્મીરમાં પ્રારંભ




ભારતમાં જમ્મુ-કાશ્મીરના લેહમાં ભારતના પ્રથમ Natural ICE CAFEનો પ્રારંભ થઈ ગયો છે.

- આ ICE CAFE જમ્મુ-કાશ્મીરમાં મનાલી-લેહ હાઈવે પર લેહના ગયા નામના ગામ પાસે 14,000 ફૂટની ઊંચાઈએ આવેલો છે.
- આ નેચરલ ICE CAFEનું નિર્માણ ભારતના બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન (BRO) દ્વારા કરવામાં આવ્યું છે.
- આ આઈસ કાફેના નિર્માણનો મુખ્ય ઉદ્દેશ શિયાળામાં બરફ સ્વરૂપે પાણીનો સંગ્રહ કરવાનો અને ત્યારબાદ સિંચાઈ માટે આ પાણીનો ઉપયોગ કરવાનો છે.
- આ ઉપરાંત આ ICE CAFE પ્રવાસીઓ માટે પણ આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.

## ➤ ભારતમાં આધુનિક કાનૂની શિક્ષણના જનક ડો. એન. આર. માધવ મેનનનું નિધન



ભારતના પ્રસિદ્ધ વકીલ અને કાનૂની શિક્ષાવિદ્ ડો. એન. આર. માધવ મેનનનું 8 મે, 2019ના રોજ કેરળના તિરુવનંતપુરમ ખાતે નિધન થયું છે.

- ભારતના કાયદાકીય શિક્ષણમાં અમૂલ્ય યોગદાનને કારણે કેટલાક લોકો તેમને 'ભારતમાં આધુનિક કાનૂની શિક્ષણના જનક કે પિતા' તરીકે ઓળખાવે છે.

ડો. એન. આર. માધવ મેનન

- ડો. એન. આર. માધવ મેનનનું પૂરું નામ શ્રી નીલકંઠ રામક્રિષ્ના માધવ મેનન છે.
- 4 મે 1935ના રોજ કેરળના તિરુવનંતપુરમ ખાતે તેમનો જન્મ થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- તેમણે ભારતમાં કાયદાના શિક્ષણ અંગે નીચેની સંસ્થાઓની સ્થાપના કરી હતી :
  (1) National Law School of India University (NLSIU).
  (2) National Judicial Academy, Bhopal.
  (3) West Bengal National University of Juridical Sciences.
- તેમના યોગદાન બદલ ભારત સરકાર તરફથી તેમને વર્ષ 2003માં પદ્મ શ્રી પુરસ્કાર એનાયત થયો હતો.
- આ ઉપરાંત તેમને Living Legend of Law તથા Plaque of Honour જેવા પુરસ્કારો પણ એનાયત થયા હતા.

## ICE Questions

1. તાજેતરમાં 8 મે, 2019ના રોજ અમેરિકાએ કયા દેશમાંથી નિકાસ થતી સ્ટીલ, લોખંડ, એલ્યુમિનિયમ અને તાંબા જેવી ધાતુઓ પર પ્રતિબંધ મૂકયો છે ?
   (A) ચીન (B) રશિયા (C) ઈરાન (D) ઈરાક **(C)**

2. ભારતના પ્રથમ નેચરલ ICE CAFEનો કયાંથી પ્રારંભ થયો છે ?
   (A) ગયા, લેહ (જમ્મુ–કાશ્મીર) (B) ગયા, જમ્મુ (જમ્મુ–કાશ્મીર)
   (C) ગયા, શ્રીનગર (જમ્મુ–કાશ્મીર) (D) ગયા, પુલવામા (જમ્મુ–કાશ્મીર) **(A)**

3. તાજેતરમાં ડો. એન. આર. માધવ મેનનનું નિધન થયું છે....તેઓ નીચેનામાંથી કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ?
   (A) અર્થશાસ્ત્ર અને શિક્ષણ (B) પત્રકારત્વ અને શિક્ષણ
   (C) વિજ્ઞાન અને શિક્ષણ (D) કાયદો અને શિક્ષણ **(D)**

4. 'ભારતમાં આધુનિક કાયદાકીય શિક્ષણના જનક' તરીકે ઓળખાતા ડો. એન. આર. માધવ મેનનનું તાજેતરમાં નિધન થયું છે..... તેમનો જન્મ કયાં થયો હતો ?
   (A) બેંગાલુરૂ, કર્ણાટક (B) કોલકાતા, પશ્ચિમબંગાળ
   (C) ભૂવનેશ્વર, ઓડિશા (D) તિરુવનંતપુરમ, કેરળ **(D)**

5. ભારતમાં 'નેશનલ લો સ્કૂલ ઓફ ઈન્ડિયા યુનિવર્સિટી (NLSIU)'ના સ્થાપક અને ડિરેક્ટરનું તાજેતરમાં નિધન થયું છે...તેમનું નામ શું છે ?
   (A) ડો. એમ. એન. ચતુર્વેદી (B) ડો. આર. એસ. ધવન
   (C) ડો. એન. આર. માધવ મેનન (D) ડો. બી. કે. મિશ્રા **(C)**

6. 'ભારતમાં આધુનિક કાનૂની શિક્ષણના પિતા' તરીકે પ્રસિદ્ધ ડો. એન. આર. માધવ મેનનને ભારત સરકાર દ્વારા વર્ષ 2003માં નીચેનામાંથી કયા પદ્મ પુરસ્કાર દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા ?
   (A) પદ્મ શ્રી (B) પદ્મ ભૂષણ (C) પદ્મ વિભૂષણ (D) ત્રણમાંથી કોઈ નહિ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**11 MAY, 2019 SATURDAY**

## ➤ દિવસ મહિમા : 11 મે, રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસ



ભારતના કેન્દ્રીય વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલય દ્વારા દર વર્ષે 11 મે ના રોજ 'રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- 11 મે, 1998ના રોજ ભારતે રાજસ્થાનના પોખરણ ખાતેથી 'ઓપરેશન શક્તિ' (મૂળ નામ : ઓપરેશન શક્તિ - 98) અંતર્ગત ન્યુક્લિયર બોમ્બનું સફળ પરીક્ષણ કર્યું હતું.
- 11 મે, 1998ના રોજ ભારતના પ્રથમ સ્વદેશી એરક્રાફ્ટ ''હંસા-3''નું બેંગાલુરુ ખાતે પરીક્ષણ કરવામાં આવ્યું હતું.
- 11 મે, 1998ના રોજ ભારતે 'ત્રિશુલ' મિસાઈલનું પણ સફળ પરીક્ષણ કર્યું હતું.
- આથી તેની યાદમાં ભારતમાં દર વર્ષે 11 મે ના રોજ 'રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- તત્કાલીન વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેઈએ કરેલી જાહેરાત અનુસાર 1999થી દર વર્ષે 11 મે ના રોજ ભારતના 'ટેક્નોલોજી ડેવલપમેન્ટ બોર્ડ' (TDB) દ્વારા 'રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

### ભારતનું પરમાણુ પરીક્ષણ

ભારતે 18મે, 1974ના રોજ રાજસ્થાનના પોખરણ ખાતે પ્રથમ પરમાણુ પરીક્ષણ કર્યું હતું.

- આ પરીક્ષણને 'સ્માઈલિંગ બુદ્ધા' નામ આપવામાં આવ્યું હતું.
- ત્યારબાદ 11 મે, 1998ના રોજ ઓપરેશન શક્તિ (પોખરણ-II) શરૂ કરવામાં આવ્યું હતું અને તેના દ્વારા ભારત અણુ શક્તિ ધરાવતો વિશ્વનો છઠ્ઠો દેશ બની ગયો હતો.
- 'ઓપરેશન શક્તિ' અથવા તો 'પોખરણ-II' અંતર્ગત 5 પરમાણુ બોમ્બનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. તેમાંથી એક બોમ્બ Fusion bomb હતો અને બાકીના ચાર બોમ્બ Fission bomb હતા.
- 11 મે, 1998ના રોજ એક Fusion અને બે Fission bomb સહિત કુલ ત્રણ બોમ્બનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું.
- ત્યારબાદ 13 મે, 1998ના રોજ બાકીના બે Fission bombનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

## ➤ સુશ્રી દિયા મિર્ઝાની સંયુક્ત રાષ્ટ્રના સતત વિકાસ લક્ષ્યના એડવોકેટ તરીકે નિમણૂક

સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ **શ્રી એન્ટોનિયો ગુટેરેસ**એ તાજેતરમાં વિશ્વના કેટલાક મહાનુભાવોની **સંયુક્ત રાષ્ટ્રના સતત વિકાસ લક્ષ્યના એડવોકેટ** તરીકે નિમણૂક કરી છે.




- જેમાં ભારતના પ્રસિદ્ધ અભિનેત્રી **સુશ્રી દિયા મિર્ઝા**નો પણ સમાવેશ થયો છે.
- સંયુક્ત રાષ્ટ્રના સતત વિકાસ લક્ષ્યના એડવોકેટ તરીકે સુશ્રી દિયા મિર્ઝા ઉપરાંત અલીબાબાના ચીફ શ્રી જેક મા તથા સુશ્રી નાદિયા મુરાદ, સુશ્રી શેખ મોઝા વગેરે મહાનુભાવોની પણ પસંદગી કરવામાં આવી છે.
- સંયુક્ત રાષ્ટ્રના સતત વિકાસ લક્ષ્ય અંગે જાગૃતિ લાવવા માટે તથા આ લક્ષ્યોની પ્રાપ્તિ માટે પ્રેરણારૂપ કાર્ય કરવા માટે આ મહાનુભાવોની નિમણૂક કરવામાં આવી છે.

### સંયુક્ત રાષ્ટ્રના સતત વિકાસ લક્ષ્ય

સંયુક્ત રાષ્ટ્રના સતત વિકાસ લક્ષ્ય (Sustainable Development Goals)માં આર્થિક, સામાજિક, પર્યાવરણ, સુશાસન વગેરે અંગેના 17 લક્ષ્યોનો સમાવેશ થાય છે.

- આ લક્ષ્યોમાંથી કેટલાક લક્ષ્યોને **2030** સુધીમાં પૂરા કરવા માટે પ્રયાસ કરવામાં આવશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ સંયુક્ત રાષ્ટ્ર Global Road Safety Week 2019

તાજેતરમાં **6 થી 12 મે 2019** દરમિયાન **સંયુક્ત રાષ્ટ્ર** દ્વારા **5મા Global Road Safety Week (વૈશ્વિક માર્ગ સુરક્ષા સપ્તાહ)**ની ઉજવણી કરવામાં આવી છે.




- વર્ષ **2019**ના આ સપ્તાહની થીમ **'Leadership for Road Safety' (માર્ગ સુરક્ષા માટે નેતૃત્વ)** હતી.
- આ માર્ગ સુરક્ષા સપ્તાહ દરમિયાન **વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)** દ્વારા માર્ગ સુરક્ષા અંગે એક **વૈશ્વિક સ્ટેટસ રિપોર્ટ** પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

## Global Status Report on Road Safety

WHO દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા રોડ સેફટી અંગેના ગ્લોબલ સ્ટેટસ રિપોર્ટ અનુસાર –

- 5 થી 29 વર્ષના લોકોના મૃત્યુનું મુખ્ય કારણ રોડ અકસ્માત છે.
- દર વર્ષે 1.35 મિલિયન એટલે કે 13.5 લાખ લોકોના મૃત્યુ માર્ગ અકસ્માતને કારણે થાય છે.
- દર વર્ષે 50 મિલિયન એટલે કે 5 કરોડ લોકો માર્ગ અકસ્માતથી ઘાયલ થાય છે.
- વર્ષ 2008 બાદ સમગ્ર વિશ્વમાં રોડ અકસ્માતને કારણે સૌથી વધુ મૃત્યુ ભારતમાં થાય છે.
- WHO અનુસાર ભારતમાં રોડ અકસ્માતમાં દર વર્ષે આશરે 2,99,000 લોકોના મૃત્યુ થાય છે.
- જોકે, ભારત સરકારના આંકડા અનુસાર ભારતમાં રોડ અકસ્માતને કારણે દર વર્ષે થતા મૃત્યુની સંખ્યા આશરે 1,50,000 છે.

**નોંધ :** (1) ભારતે રોડ અકસ્માત અંગે Brasilia Declaration પર પણ હસ્તાક્ષર કર્યા છે.

(2) આ ડિક્લેરેશનમાં ભારતે વર્ષ 2020 સુધીમાં માર્ગ અકસ્માતમાં થતા મૃત્યુની સંખ્યામાં 50 ટકાનો ઘટાડો કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.

## 'Save Lives - #Speak up" અભિયાન

સમગ્ર વિશ્વમાં માર્ગ અકસ્માતને કારણે થતા મૃત્યુ અને ઘાયલોની સંખ્યામાં ઘટાડો કરવાના ઉદ્દેશથી 'Save Lives - #Speakup" નામથી એક અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.

- આ અભિયાન 'Decade of Action for Road Safety 2011-2020'ના સિદ્ધાંત પર આધારિત છે.
- આ અભિયાન દ્વારા માર્ગ સુરક્ષાના લક્ષ્યાંકો પ્રાપ્ત કરવા માટેના પ્રયાસો થઈ રહ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ICE ? Questions

**1.** ભારતમાં કયો દિવસ 'રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) 8 મે (B) 9 મે (C) 10 મે (D) 11 મે — **(D)**

**2.** ભારતમાં 11 મે ના રોજ 'રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસ' ઉજવવાનો પ્રારંભ કયારથી થયો હતો ?

(A) 1995 (B) 1997 (C) 1998 (D) 1999 — **(D)**

**3.** 11 મે ના રોજ ભારતમાં નીચેનામાંથી કઈ ઘટના ઘટી ન હતી ?

(A) 11 મે, 1998ના રોજ પોખરણ-IIનો પ્રારંભ

(B) 11 મે, 1998ના રોજ ભારતના પ્રથમ સ્વદેશી એરક્રાફ્ટ "હંસા-3'નું પરીક્ષણ

(C) 11 મે, 1998ના રોજ 'ત્રિશુલ' મિસાઈલનું સફળ પરીક્ષણ

(D) 11 મે, 1974ના રોજ પોખરણ-Iનો પ્રારંભ — **(D)**

4. સંયુક્ત રાષ્ટ્રના સતત વિકાસ લક્ષ્યના એડવોકેટ તરીકે તાજેતરમાં ભારતના કયા અભિનેત્રીની નિમણૂક કરવામાં આવી છે ?

(A) સુશ્રી આલિયા ભટ્ટ (B) સુશ્રી અનુષ્કા શર્મા
(C) સુશ્રી દિયા મિર્ઝા (D) સુશ્રી સોનમ કપૂર **(C)**

5. તાજેતરમાં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા કયા સમયગાળા દરમિયાન વર્ષ 2019ના 'વૈશ્વિક માર્ગ સુરક્ષા સપ્તાહ' (Global Road Safety Week)ની ઉજવણી કરવામાં આવી છે ?

(A) 6 થી 12 ફેબ્રુઆરી, 2019 (B) 6 થી 12 માર્ચ, 2019
(C) 6 થી 12 એપ્રિલ, 2019 (D) 6 થી 12 મે, 2019 **(D)**

6. તાજેતરમાં 6 થી 12 મે 2019 દરમિયાન સંયુક્ત રાષ્ટ્ર દ્વારા કેટલામા 'વૈશ્વિક માર્ગ સુરક્ષા સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી છે ?

(A) બીજા (B) ત્રીજા (C) ચોથા (D) પાંચમા **(D)**

7. WHO દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા રોડ સેફ્ટી અંગેના ગ્લોબલ સ્ટેટસ રિપોર્ટ અનુસાર વર્ષ 2008 બાદ સમગ્ર વિશ્વમાં માર્ગ અકસ્માતમાં સૌથી વધુ મૃત્યુ કયા દેશમાં થાય છે ?

(A) ચીન (B) ભારત (C) ઈન્ડોનેશિયા (D) પાકિસ્તાન **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# ONE LINER
## CURRENT AFFAIRS

## ભારત

### ➤ 2019ના ક્રિકેટ વર્લ્ડ કપમાં 'અમૂલ' અફઘાનિસ્તાનની ટીમનું સ્પોન્સર બન્યું

2019ના ક્રિકેટ વર્લ્ડ કપમાં ભારતીય ડેરી બ્રાન્ડ **'અમૂલે' અફઘાનિસ્તાન**ની ટીમની સ્પોન્સરશિપ માટે કરાર કર્યા છે. ICCના પૂર્ણ સભ્ય તરીકે અફઘાનિસ્તાનનો આ પ્રથમ વર્લ્ડ કપ છે. અફઘાનિસ્તાનમાં અમૂલનો વાર્ષિક વ્યાપાર રૂા. 200 કરોડ જેટલો છે.

### ➤ બંગાળી સિનેમાના પ્રસિદ્ધ અભિનેતા શ્રી મૃણાલ મુખર્જીનું નિધન

તાજેતરમાં 8 મે 2019ના રોજ **બંગાળી સિનેમા**ના પ્રસિદ્ધ અભિનેતા **શ્રી મૃણાલ મુખર્જી**નું 74 વર્ષની વયે **કોલકાતા** ખાતે નિધન થયું છે. તેમણે પાંચ દાયકા સુધી બંગાળી ફિલ્મ તથા ટીવી ઉદ્યોગમાં કાર્ય કર્યું છે. આ ઉપરાંત **'મૌસમ'** જેવી અનેક હિન્દી ફિલ્મોમાં પણ તેમણે કાર્ય કર્યું છે.

## ➤ World Customs Organizationના ક્ષેત્રીય પ્રમુખોની બેઠક

તાજેતરમાં 8 થી 10 મે 2019 દરમિયાન **ભારત**માં **કેરળ**ના **કોચી** ખાતે **વર્લ્ડ કસ્ટમ્સ ઓર્ગેનાઈઝેશનના ક્ષેત્રીય પ્રમુખોની બેઠક**નું આયોજન થયું હતું. આ બેઠકમાં એશિયા પ્રશાંત ક્ષેત્રના અધિકારીઓએ ભાગ લીધો હતો. ભારત એશિયા પ્રશાંત ક્ષેત્રમાં વર્લ્ડ કસ્ટમ્સ ઓર્ગેનાઈઝેશનનો **વાઈસ ચેરમેન** છે.

# વિશ્વ

## ➤ શ્રી કુમાર સંગાકારા મેરીલિબોન ક્રિકેટ ક્લબના પહેલા નોન-બ્રિટિશ અધ્યક્ષ બન્યા

**શ્રીલંકા**ના પૂર્વ કપ્તાન **શ્રી કુમાર સંગાકારા**ને તાજેતરમાં **ઈંગ્લેન્ડ**ની **મેરીલિબોન ક્રિકેટ ક્લબ (MCC)**ના **અધ્યક્ષ** તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. છેલ્લા 233 વર્ષના ઈતિહાસમાં MCCના અધ્યક્ષ તરીકે કોઈ **નોન-બ્રિટિશ વ્યક્તિ**ની નિમણૂક કરવામાં આવી હોય તેવી આ **પ્રથમ** ઘટના છે. શ્રી કુમાર સંગાકારાને આવતા એક વર્ષ માટે આ પદ પર નિયુક્ત કરવામાં આવ્યા છે.

## ➤ કેનેડાની 10 ડોલરની નોટ બની 'બેસ્ટ નોટ ઓફ ધ યર' 2018

**ઈન્ટરનેશનલ બેન્ક નોટ સોસાયટી** દ્વારા **કેનેડા**ની **10 ડોલર**ની નોટને **'બેસ્ટ નોટ ઓફ ધ યર' 2018** એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. કેનેડાની આ નોટ **વિશ્વની પ્રથમ વર્ટિકલ નોટ** છે. આ ઉપરાંત તેમાં સામાજિક કાર્યકર્તા **સુશ્રી વિઓલા ડેસમંડ**નું ચિત્ર પ્રસિદ્ધ કરવાને કારણે આ નોટને આ એવોર્ડ એનાયત થયો છે.

## ➤ મહા વજિરાલોંગકોર્ન થાઈલેન્ડના નવા સમ્રાટ બન્યા

તાજેતરમાં **થાઈલેન્ડ**ના નવા સમ્રાટ તરીકે **શ્રી મહા વજિરાલોંગકોર્ન**નો રાજ્યાભિષેક કરવામાં આવ્યો છે. થાઈલેન્ડના લોકોએ તેમના રાજાનો રાજ્યાભિષેક ટીવી પર લાઈવ નિહાળ્યો હોય તેવો છેલ્લા 70 વર્ષનો પ્રથમ પ્રસંગ હતો. સમ્રાટ વજિરાલોંગકોર્ન **ચક્રી રાજવંશ**ના **10મા શાસક** છે. આ રાજવંશ **1782**થી શાસન કરી રહ્યો છે. સમ્રાટ વજિરાલોંગકોર્નને **'રામ દશમ'**ની ઉપાધી આપવામાં આવી છે.

## ➤ ફીફા દ્વારા મહિલા ફૂટબોલ માટે બે નવા પુરસ્કારની જાહેરાત

સમગ્ર વિશ્વમાં મહિલા ફૂટબોલને પ્રોત્સાહન આપવા માટે ફીફા દ્વારા **(1) વર્ષની સર્વશ્રેષ્ઠ મહિલા ગોલકીપર** અને **(2) વર્ષની સર્વશ્રેષ્ઠ મહિલા ટીમ** નામથી બે નવા પુરસ્કાર આપવાની જાહેરાત કરવામાં આવી છે. **FIFA**નું પૂરું નામ **Federation International de Football Association'** છે. ફીફા એ સમગ્ર વિશ્વમાં ફૂટબોલની નિયામક સંસ્થા છે.

## ➤ અમેરિકાએ ચીનની 200 અબજ ડોલરની વસ્તુઓ પર ડ્યૂટી વધારી

તાજેતરમાં 10 મે 2019ના રોજ **અમેરિકા**એ **ચીન**ની **200 અબજ ડોલર**ની વસ્તુઓ પરની **આયાત ડ્યૂટી 10 ટકા**થી વધારીને **25 ટકા** કરી દીધી છે. અમેરિકાના આ નિર્ણયને પગલે ચીને પણ અમેરિકાની વસ્તુઓ પર ડ્યૂટી વધારવાની જાહેરાત કરી છે.

## ➤ આયર્લેન્ડ દ્વારા આબોહવા અંગે કટોકટીની જાહેરાત

તાજેતરમાં 9 મે 2019ના રોજ આયર્લેન્ડે આબોહવા અંગે કટોકટીની જાહેરાત કરી છે. આ સાથે જ આયર્લેન્ડ 'આબોહવા' અથવા તો 'Climate' અંગે કટોકટી જાહેર કરનાર બ્રિટન બાદ વિશ્વનો બીજો દેશ બની ગયો છે.

## ➤ સિંગાપોરમાં ફેક ન્યુઝનું પ્રકાશન હવે અપરાધ ગણાશે

સિંગાપોરમાં તાજેતરમાં પસાર કરવામાં આવેલા એક એક્ટ અનુસાર સિંગોપોરમાં ફેક ન્યુઝનું પ્રકાશન અપરાધ ગણાશે. અને આ એક્ટનું ઉલ્લંઘન કરનાર અપરાધીને 10 વર્ષ સુધીની જેલ અને ભારે દંડની જોગવાઈ કરવામાં આવી છે. આ એક્ટ અંતર્ગત સિંગાપોર માટે નુકશાનકારક સમાચારો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

## ICE ? Questions

- ➤ વર્ષ 2019ના ક્રિકેટ વર્લ્ડ કપમાં અફઘાનિસ્તાનની ક્રિકેટ ટીમની સ્પોન્સરશિપ માટે ભારતની કઈ કંપનીએ તાજેતરમાં કરાર કર્યા છે ? – અમૂલ
- ➤ તાજેતરમાં શ્રી મૃણાલ મુખર્જીનું કોલકાતા ખાતે નિધન થયું છે.....તેઓ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ? – ફિલ્મ
- ➤ 8 થી 10 મે 2019 દરમિયાન વર્લ્ડ કસ્ટમ ઓર્ગેનાઈઝેશનના ક્ષેત્રીય પ્રમુખોની બેઠકનું આયોજન ભારતમાં કયાં થયું હતું ? – કોચી (કેરળ)
- ➤ ઈંગ્લેન્ડની મેરીલિબોન ક્રિકેટ ક્લબના પ્રથમ નોન બ્રિટિશ અધ્યક્ષ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી કુમાર સંગાકારા
- ➤ ઈન્ટરનેશનલ બેન્ક નોટ સોસાયટી દ્વારા વર્ષ 2018નો 'બેસ્ટ નોટ ઓફ ધ યર' પુરસ્કાર કયા દેશની કઈ નોટને એનાયત થયો છે ? – કેનેડાની 10 ડોલરની નોટને
- ➤ થાઈલેન્ડના નવા સમ્રાટ તરીકે તાજેતરમાં કોનો રાજ્યાભિષેક થયો છે ? – શ્રી મહા વજિરાલોંગકોર્ન
- ➤ તાજેતરમાં ફીફા દ્વારા મહિલા ફૂટબોલને પ્રોત્સાહન આપવા માટે કયા બે નવા પુરસ્કારોની જાહેરાત કરવામાં આવી છે ? – (1) વર્ષની સર્વશ્રેષ્ઠ મહિલા ગોલકીપર અને (2) વર્ષની સર્વશ્રેષ્ઠ મહિલા ટીમ
- ➤ તાજેતરમાં 10 મે 2019ના રોજ અમેરિકાએ ચીનની કેટલા ડોલરની વસ્તુઓ પર આયાત ડયુટીમાં વધારો કર્યો છે ? – 200 અબજ ડોલર
- ➤ તાજેતરમાં અમેરિકાએ ચીનની 200 અબજ ડોલરની વસ્તુઓ પરની આયાત ડયુટી 10 ટકાથી વધારીને કેટલા ટકા કરવાનો નિર્ણય કર્યો છે ? – 25 ટકા
- ➤ તાજેતરમાં સમગ્ર વિશ્વમાં સૌપ્રથમ બ્રિટન બાદ બીજા નંબરે કયા દેશમાં "આબોહવા" અંગે કટોકટી જાહેર કરવામાં આવી છે ? – આયર્લેન્ડ
- ➤ તાજેતરમાં વિશ્વના કયા દેશમાં ફેક ન્યુઝને અપરાધ જાહેર કરીને એ અંગે સજાની જોગવાઈ કરવામાં આવી છે ? – સિંગાપોર
- ➤ સિંગાપોરમાં ફેક ન્યુઝના પ્રકાશન બદલ કેટલા વર્ષ સુધીની કેદની સજાની જોગવાઈ કરવામાં આવી છે ? – 10 વર્ષ સુધીની

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

દરેક પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી ફ્રી ઓનલાઈન મટીરિયલ્સની માહિતી માટે icerajkot PAGE LIKE કરો.

FACEBOOK
icerajkot

આ મેગેઝિન ફ્રી મેળવવા માટે અમારી નવી AUTHENTIC TELEGRAM CHANNEL

(t.me / icerajkotofficial)
આજે જ JOIN કરો.




## ALL TYPE OF COMPETITIVE EXAMS

| | | | |
|---|---|---|---|
| GPSC | SBI | PSI | TALATI |
| UPSC | PO | PI | Dy. S.O. |
| IBPS | CLERK | CONSTABLE | Dy. MAMLATDAR |

- સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાતો દ્વારા અભ્યાસ.
- ગણિત, ENGLISH, ગુજરાતી અને સામાન્ય જ્ઞાનની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા.
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી.
- જરૂરી અને મર્યાદિત વાંચનના માધ્યમથી પરીક્ષાલક્ષી અને પરિણામલક્ષી તૈયારી.
- વ્યૂહાત્મક તૈયારી માટે અલ્ટ્રાપ્લાનિંગ.
- અનુભવી નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલું ટુ ધી પોઈન્ટ અપડેટેડ સ્ટડી મટીરિયલ્સ.
- સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ.